જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧૦/૨૦૧૮ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૦૭૦/૧૮

## મિલ્કત સંબધી ગુના શોધી રીઢા આરોપીને પકડી પાડતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પો.કમી.શ્રી ઝોન ૬ સાહેબ તથા મ.પો.કમીશ્રી જે ડીવીઝન અમદાવાદ તથા સિનીયર પોલીસ ઈન્સપેક્ટર એચ.વી. સીસારા વટવા પો.સ્ટે. નાઓએ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચનાઓ આધારે સર્વેલંસ સ્કોડના પો.કો. અ.વાહીદખાન અમીરુલ્લાખાન તથા પો.કો.પ્રતિપાલસિંહ પ્રવિણસિંહ નાઓની ચોક્કસ બાતમી હકિકત આધારે વટવા પોલીસ સ્ટેશન ફ્સ્ટ. ગુ.ર.નં. ૧૩૫/૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબના કામે ચોરીયે ગયેલ ઓટો રિક્ષા નં. જી.જે.૦૧ સી.એક્સ ૧૯૦૨ કિ.રૂ.૪૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે સોહિલ ઉર્ફે મુર્ગી સ/ઓ યાસીનભાઈ અબ્દુલ કવી અરબ ઉ.વ.૨૦ રહે મ.નં. ૩ સાજા પાર્ક મોહમદી મસ્જીદ સામે સૈયદવાડી વટવા અમદાવાદ શહેર નાઓને પકડી આજરોજ કલાક ૧૬/૨૦ વાગે પકડી અટક કરી સદરી આરોપીની વધુ તપાસ કરતા અન્ય એક રિક્ષા નં. જી.જે૨૭ વાય ૨૨૮૬ કિ.રૂ.૧,૪૦,૦૦૦/-ની કબુલાત કરતા જે ઓટો રિક્ષા વટવા પો.સ્ટે.ફ્સ્ટ ગુ.ર.નં. ૧૩૬/૧૮ ધી ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબના ગુનામા ચોરાયેલ હોઈ જે કબ્જે કરી કલાક ૨૦/૦૫ વાગે અટક કરી બન્ને ગુનાઓ શોધી કાઢી રિઢા આરોપીને પકડી આગળની વધુ તપાસ હાથ ધરવામા આવેલ છે.તા-૨૧/૧૦/૨૦૧૮

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.